dakshinayan

UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

May-June 2010 For private circulation only Vol. 02 - Issue 34-35

"જે લોકો નિષ્ફળ નીવડે છે, તે મોટે ભાગે સંકલ્પશકિતના અભાવે, નહિ કે શિક્ષણના અભાવે." - ઓરિસન સ્વેટ માર્ડન

"દરેક વ્યકિત, તે જે કંઈ કરે છે, તેના કરતાં વધુ કરી શકવાને શકિતમાન હોય છે." - વોલ્પોલ

"બે પ્રકારે શિક્ષણ મળે : એક, બીજા પાસેથી અને બીજું, પોતાની પાસેથી" - કોલ્ટન

"તું જ તારો દીવો બન" - બુધ્ધ

"તમારી ગુપ્ત શકિતઓને ખીલવો, નહિતર તે લુપ્ત થઈ જશે." - જહોન લુબોક

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં હાલ પરિણામો તથા પ્રવેશની મોસમ ચાલી રહી છે. ચાલુ વર્ષે નિર્ધારિત કાર્યક્રમ મુજબ મોટાભાગના પરિણામો જાહેર થઈ ગયા છે તથા બાકી રહેલા પરિણામો પણ નિયત સમય મર્યાદામાં બહાર પડશે જેથી ચાલુ વર્ષે શૈક્ષણિક કાર્યક્રમ આયોજન મુજબ શરૂ થશે. વિવિધ પરીક્ષાઓમાં સફળતાને વરેલા સૌ વિદ્યાર્થી મિત્રોને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન. કોઈક કારણસર સફળતા ન મેળવનાર વિદ્યાર્થીમિત્રો હજુ વધારે મહેનત કરવા માટે કટિબધ્ધ થાય. લક્ષ નિર્ધારિત કરી તીવ્ર ઈચ્છા, અચળ શ્રધ્ધા, નિરંતર પુરુષાર્થ તથા વિપરીત પરિસ્થિતિમાં પણ અડગ રહેવાની ક્ષમતા કેળવી સફળતા પ્રાપ્ત કરો તેવી શુભેચ્છાઓ.

ઘણા બધા વિદ્યાર્થીમિત્રો હવે વૈધાનિક શિક્ષણની વ્યવસ્થામાંથી બહાર નીકળી કુટુંબજીવનમાં ઓત પ્રોત થઈ સમાજની મુખ્ય ધારામાં સમાઈ જશે. આવા મિત્રોની શિક્ષણયાત્રા એક રીતે જોઈએ તો "સુરક્ષિત" વાતાવરણમાં શાંત પ્રવાહમાં નાવ ચલાવવા સમાન હતી. દિશા પકડવા માટે અધ્યાપકો, સહાધ્યાયીઓ, તથા વડીલોનો સાથ હતો, સહકાર હતો, પ્રેરણા હતી, હૂંફ હતી. હવે, આપે એક ઓર્ગેનાઈઝડ સપોર્ટની વ્યવસ્થામાંથી બહાર નીકળી આપે જ આપના જીવનનો ભાવિ રાહ કંડારવાનો છે. આ તબકકે આપના મનમાં શું કરું ? શું ન કરું ? શું યોગ્ય ? શું અયોગ્ય ? જેવી અનેક દ્વિધાઓ હશે. આવા સમયે આપે લાઈફ લોન્ગ લર્નર તરીકે કેવી રીતે ચાલુ રહેવું તેનું ચિંતન કરવું અનિવાર્ય ગણાશે. સમગ્ર જીવન દરમ્યાન આપ વિજયી માનસના સ્વામી બની રહો તે માટે ધ્યેયપૂર્ણ નિષ્ઠાથી પ્રયત્નો ચાલુ રાખવા પડશે. યુનિવર્સિટીના પરિણામોમાં જવલંત સફળતા મેળવેલ સૌ વિદ્યાર્થી મિત્રો હકારાત્મક ચિંતન, હકારાત્મક વ્યવહાર અને હકારાત્મક કાર્યસૂચિ થકી આત્મનિષ્ઠ બની આગળ વધે તે જરૂરી છે.

જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી જે આત્મનિષ્ઠ બને છે, નિષ્ઠાવાન બને છે તે જ સફળતાને વરે છે. હરપળ જે આત્માની હાજરી અનુભવતો હોય તે જ નિષ્ઠાવાન બની શકે છે. અનેક આત્મનિષ્ઠ વ્યકિતઓએ જીવનના નાવની સઢની દિશા બદલી વિજયી વરમાળા ધારણ કરેલ છે અમેરિકાના પ્રમુખ લિંકનનું જીવન તપાસો. દારૂણ ગરીબીમાં જન્મેલા લિંકને પોતાના જીવનમાં સતત હારનો સામનો કરવો પડેલો. તેઓ આઠ વખત ચૂંટણી હાર્યા, બે વખત ધંધામાં નાદારી નોંધાવી, છ મહિના સુધી માંદગીમાં પથારીવશ રહયા. ૧૮૩૦ થી ૧૮૫૯ સુધીમાં તેમણે હાર, નિષ્ફળતા, પછડાટ સિવાય બીજું કાંઈ પ્રાપ્ત જ ન કર્યું. આમ છતાં, અડગ મનના આ માનવે ૧૮૬૦માં યુ.એસ.એ.ના પ્રમુખ તરીકે ચૂંટાઈ તમામ પરાજયોને પરાસ્ત કર્યા. પોતાની આત્મકથામાં તેઓ લખે છે, "મારો રાહ ખૂબ કાંટાળો અને લપસણો હતો. વારંવાર હું પડયો, પણ દરેક વખતે હું ઉભો થયો અને મારી જાતને કહેતો રહયો, "હું પડી જાઉં છું, પણ આ મારું પતન નથી. જે માણસ હારતો નથી, શીખે છે તે છેવટે જીતે છે."

શિક્ષણપંચના અહેવાલનું એક વાકય છે. 'ડેસ્ટીની ઓફ ઈન્ડિયા ઈઝ મોલ્ડેડ ઈન ઈટ્સ કલાસરૂમ્સ.' આપણા વર્ગખંડો દેશના ભાવિના ઘડતરની કાર્યશાળા છે. નવું સત્ર શરૂ થયું છે. વર્ગખંડોમાં વિદ્યાર્થી મિત્રો અનેક આશાઓ, અરમાનો સાથે શાળાઓમાં લદાતા દફતરના ભાર વિના હાથમાં છૂટા કાગળો કે બગલમાં એક નોટબુક સાથે દાખલ થશે. અચાનક પરંપરાગત શાળાના બંધિયાર વાતાવરણમાંથી છૂટેલા નવયુવાનોને સાચી દિશા બતાવવાનું કાર્ય અધ્યાપક મિત્રોએ કરવાનું છે.

આજના આ 'દક્ષિણાયન'ના અંકના માધ્યમથી અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકને પોતાના પુત્રને શાળામાં

દાખલ કરતી વખતે જે પત્ર તેના આચાર્યને લખેલો તેના શબ્દો વિશે સૌ અધ્યાપક મિત્રો ચિંતન કરે તે હેતુથી રજૂ કરું છું.

"મને ખબર છે કે, આ છોકરાને શીખવું પડશે કે, બધા માણસો ન્યાયી હોતા નથી અને સાચા પણ હોતા નથી. પણ એને શીખવજો કે, દરેક દુષ્ટ માનવીની જેમ જ એક સારો માણસ પણ હોય જ છે. દરેક સ્વાર્થી રાજકારણીના પ્રમાણમાં સન્નિષ્ઠ નેતા પણ હોય જ છે અને એમ પણ શીખવજો કે, દરેક દુશમનની જેમ મિત્ર પણ હોય જ છે. અને શીખવજો કે, કમાયેલો એક ડોલર જડેલા પાંચ ડોલર કરતાં વધારે મૂલ્યવાન છે. આવું શીખતાં વાર લાગશે એ હું જાણું છું. એને હારતાં શીખવજો એને જીતનો આનંદ માણતાં પણ શીખવજો. જો તમારાથી બને તો અને દ્વેષથી દૂર રહેતાં શીખવજો, શાંત હાસ્યનો આનંદ શીખવજો, ગુંડાઓને મહાત કરવાનું સહેલું છે તે શીખવજો અને બને તો પુસ્તકોના જાદુ શીખવજો. વળી એને આકાશમાં ઊડતાં પક્ષીઓનાં રહસ્યો, સૂર્યના તડકામાં ગુંજતા ભમરાઓ અને લીલી ટેકરીઓ ઉપર ખીલેલાં પુષ્પો વિશે મનન કરી શકે તેવી નિરાંત પણ આપજો."

"નિશાળમાં એને જરૂર શીખવજો કે, છેતરવા કરતાં નાપાસ થવું એ વધારે માનભર્યું છે. પોતાના વિચારોમાં શ્રધ્ધા રાખતાં શીખવજો. ભલેને બીજાઓ એ વિચારોને ખોટા કહે. નરમ માણસો જોડે નરમ થતાં અને કઠોર માણસો જોડે કઠોર થતાં શીખવજો. મારા દિકરાને જ્યારે બીજા બધા ચાલતી ગાડીમાં ચઢી બેસતાં હોય, ત્યારે ટોળાની પાછળ નહીં જવાનું શીખવજો. દરેક માણસને સાંભળવાનું શીખવજો પણ સાંભળેલું બધુ સત્યના ગળણે ગાળીને જે સારું નીકળે તેને જ સ્વીકારવાનું શીખવજો."

"જો તમારાથી બને તો તે જ્યારે શોકાતુર હોય, ત્યારે હસવાનું શીખવજો. એમ પણ શીખવજો કે, આંસુમાં કોઈ શરમ નથી. અસારવાદીઓને અવગણવાનું અને વધારે પડતી મીઠાશથી સાવધ રહેવાનું શીખવજો. પોતાની બુધ્ધિશકિત એ તમામ તાકાતનું વધુમાં વધુ મૂલ્ય લેતાં શીખવજો. પણ પોતાના હ્રદય અને આત્માને કિંમતની કોઈ ચિઠ્ઠીએ ચોંટાડે નહીં તે પણ શીખવજો. ટોળાની બૂમાબૂમ સામે ઝૂકી નહીં પડવાનું પોતે સાચો હોય તો ટટાર ઊભા રહીને સામે મોંએ લડવાનું પણ શીખવજો."

"એની સાથે નરમાશથી વર્તજો પણ એને લાડ નહીં લડાવતાં કારણ કે અગ્નિની ભઠ્ઠી જ સારું પોલાદ નીપજાવે છે. અધીરા થવાની હિમ્મત એનામાં હોવી જોઈએ. પણ બહાદુર બનવાની ધીરજ પણ એનામાં હોવી જોઈએ. એને પોતાનામાં ભવ્ય આત્મવિશ્વાસ કેળવવાનું શીખવજો, જેથી એને માનવજાતમાં ભવ્ય વિશ્વાસ હંમેશા રહે."

"હું જાણું છું કે, આ બધુ શીખવાનું કામ ખૂબ કપરું છે પણ તમારાથી જેટલું થઈ શકે તેટલું કરજો."

આપણી ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થામાં આવી ભાવાત્મકતા કેવી રીતે ઊભી કરવી તે અંગે સૌ અધ્યાપક મિત્રો ઉઘડતા સત્રે પોતાના સ્થાન પર રહીં પોતે શું કરી શકે તેનું ચિંતન કરે તે જરૂરી છે. જેમ વિદ્યાર્થી આત્મનિષ્ઠ બને તેવું જ અધ્યાપક મિત્રોને પણ લાગું પડે છે. જે નિષ્ઠાવાન બને છે તે જ સાચો જ્ઞાની છે. ગુરુ અને શિષ્યની આત્મનિષ્ઠાનું એક ઉદાહરણ છે. એક ગુરુને ત્યાં અભ્યાસ કરતા શિષ્યનો અભ્યાસકાળ પૂરો થતાં ગુરુએ શિષ્યને એક પોપટ આપ્યો અને કહયું કે જયાં એકાંત હોય ત્યાં આ પોપટની ડોક મરડી તેને મારી નાખજે. શિષ્ય અઠવાડિયા પછી પોપટ સાથે પાછો ફર્યો અને જીવતા પોપટને ગુરુજીના ચરણોમાં મૂકી કહયું, "ગુરુજી મને કયાંય એકાંત ન મળ્યું. હું જયાં જયાં ગયો ત્યાં મારા દેહ ઉપરાંત મારો આત્મા મારી સાથે જ હતો. આપે કહેલું તેવું એકાંત મને કયાંય ન મળ્યું." અભ્યાસમાં, નિયમોના પાલનમાં, સાથી મિત્રો સાથે વાણી-વ્યવહાર-વર્તનમાં, સમાજ, દેશ માટે નિષ્ઠાપૂર્વક વર્તવાનું શીખવે તે જ સાચું શિક્ષણ. આવા શિક્ષણ થકી જ સમાજ સર્વાંગી વિકાસ પામી શકે.

નવીન શૈક્ષણિક સત્રના પ્રારંભે સફળતાને વરવા માટે જરૂરી શરીર, મન, બુધ્ધિ અને આત્માને સતત ધારદાર રાખી, સતત વિકસતા જવાથી જ આ શકય બનશે. મહાન યોધ્ધા સિકંદરનું જીવન તપાસો. માત્ર સોળ વર્ષની વયે વિશ્વને સર કરવા નીકળેલો યુવાન માત્ર સત્તર વર્ષના સમયમાં પોતાની જીવનયાત્રા સમેટી સમગ્ર વિશ્વમાં શસ્ત્ર અને શાસ્ત્રનો સ્વામી બને છે. આદિ શંકરાચાર્ય, માત્ર આઠ વર્ષની નાની વયે ભારતભરમાં ભ્રમણ શરૂ કરી પચ્ચીસ વર્ષની વયે, હિન્દુ સંસ્કૃતિને સમગ્ર દેશમાં પ્રસ્થાપિત કરે છે. કઠોપનિષદનું મુખ્ય પાત્ર નચિકેતા, દસ વર્ષનું બાળક, જીવન અને મૃત્યુના ભેદ જાણવા યમ દ્વારે રૂબરૂ જઈ યમ રાજા સાથે વાર્તાલાપ કરે છે. આવા અનેક રોલ-મોડલ આપણી સંસ્કૃતિમાં, ઈતિહાસમાં આપણી સમક્ષ મોજૂદ છે.

નવીન શૈક્ષણિક વર્ષના પ્રારંભે આવો આપણે સૌ શ્રી ભગવતીકુમાર શર્મા દ્વારા લિખીત યુનિવર્સિટી ગીતના આ શબ્દોને સાકાર કરવા કટિબધ્ધ થઈએ.

"દક્ષિણ ગુર્જર ક્ષેત્રની વિદ્યાપીઠ અમારી માતા,
સત્ય, જ્ઞાનને અનંતની એ છે ઉજ્જવલ ઉદ્‌ગાતા.
એનાં ગૌરવ, વિકાસ પ્રગતિ અમને પ્રાણથી વહાલાં,
એને કંઠે પહેરાવીશું સિધ્ધિની જયમાલા.
વિદ્યાને ચરણે ધરીએ નિષ્ઠાનાં પારિજાત,
ધન્ય ધન્ય ધરતી લીલી મંગલ દક્ષિણ ગુજરાત,
સ્થાપિત વિદ્યાપીઠ અમારી રમ્ય એ રળિયાત."

પુનઃ ખૂબ ખૂબ શુભેચ્છાઓ, અભિનંદન !

૧૪ જુન, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## Result 2010

| No. | Examination | Percentage |
|---|---|---|
| 23 | B.B.A. (3rd Sem) | 35.14 |
| 24 | B.B.A. (4th Sem) | 59.62 |
| 25 | B.B.A. (6th Sem.) | 81.68 |
| 26 | B.Ed .(Basic) | 100 |
| 27 | B.Ed. (New course-regular) | 99.56 |
| 28 | B.Ed. (Old course-regular) | 95 |
| 29 | B.Ed. (Visual) | 100 |
| 30 | B.H.M.S.3nd year | 93.58 |
| 31 | B.I.D.Sem.I | 50.06 |
| 32 | B.I.D.Sem.III | 17.14 |
| 33 | B.R.S.(F.Y.) | 92.11 |
| 34 | B.R.S.(S.Y.) | 98.78 |
| 35 | B.Sc .(I.T.) 3rd Sem. | 18.18 |
| 36 | Bio Tech.Sem-10 | 100 |
| 37 | Diploma (Opth) | 100 |
| 38 | Final B.Pharm | 99.29 |
| 39 | M.S. (Opth.) | 100 |
| 40 | M.Sc. (Applied Stat).4th Sem. | 100 |
| 41 | M.Sc. (Applied Stat.3rd Sem. | 100 |
| 42 | M.Sc. (Bio tech) 6th Sem. | 66..67 |
| 43 | M.Sc. (Ele) Part-I | 25 |
| 44 | M.Sc. (Ele) Part-II | 100 |
| 45 | M.Sc. (Envi. Chemistry) Part-II | 100 |
| 46 | M.Sc. (I.T.) 4th Sem. | 99.11 |
| 47 | M.Sc. (Maths) Part-II | 92 |
| 48 | M.Sc. (Part-I) Applied Maths | 95 |
| 49 | M.Sc. (Part-I) Aquatic Biology | 90 |
| 50 | M.Sc. (Part-I) Physics | 64.52 |
| 51 | M.Sc. (Part-I) Statistics | 71.43 |
| 52 | M.Sc. Bio tech Sem.8 | 100 |
| 53 | M.Sc. I. (Medi.Tech.) | 100 |
| 54 | M.Sc. I.(Botany) | 100 |
| 55 | M.Sc. I.(Maths) | 90.11 |
| 56 | M.Sc. I.(Micro) | 100 |
| 57 | M.Sc. II ( Aquatice Biology) | 100 |
| 58 | M.Sc. II (Inorganic Chemistry) | 100 |
| 59 | M.Sc. II (Instrumentation) | 100 |
| 60 | M.Sc. II (Physical Chemistry) | 87.5 |
| 61 | M.Sc. II (Statistics) | 87.5 |
| 62 | M.Sc. II. (Elec) | 100 |
| 63 | M.Sc. II. (Phy.Spe.Ele) | 100 |
| 64 | M.Sc. II.(Analytical Chemistry) | 100 |
| 65 | M.Sc. II.(Indu.Chemistry) | 100 |
| 66 | M.Sc. II.(Medical Techn.) | 100 |
| 67 | M.Sc. II.(P.S.M.S.) | 100 |
| 68 | M.Sc.I (Micro) | 100 |
| 69 | M.Sc.I. (Bio Science) | 100 |
| 70 | M.Sc.I.(Tech) | 80 |
| 71 | M.Sc.II (Bio Science) | 100 |
| 72 | T,Y, Homeo. BHMS | 59.09 |
| 73 | T.Y.B.A. (External) | 77.61 |
| 74 | T.Y.B.A. (Regular) | 90.09 |

## POST-GRADUATE (SELF-FINANCED) ADMISSION: 2010-11

1 **Master of Business Economics.**
**Eligibility**- Any Graduate with minimum 50 % marks. Issue Date-1-6-2010 Last Date-17-6-2010 Prospectus/ Form Fee- Rs. 250

2 **Master of Human Resource Development.**
**Eligibility**- Any Graduate with minimum 50 % marks.Issue Date-1-6-2010
Last Date-18-6-2010
Prospectus/ Form Fee- Rs. 300

3 **Master of Human Resource Development (Evening 3 yrs. course)**
**Eligibility**- Any Graduate with minimum 45 % marks and atleast one year of Industrial / Business Organizations working experience.
Issue Date-1-6-2010 Last Date-18-6-2010
Prospectus/ Form Fee- Rs. 300

4 **Master of Labour Welfare**
**Eligibility**- Any Graduate with minimum 50 % marks.
Issue Date-1-6-2010 Last Date-18-6-2010
Prospectus/ Form Fee- Rs. 300

5 **P.G. Diploma in Computer Application (Full / Part Time). Eligibility**- Graduate Degree in any faculty from a recognized University. Issue Date-7-6-2010
Last Date-22-6-2010
Prospectus/ Form Fee- Rs. 100

6 **M.Sc. - Bio informatics**
**Eligibility**- Any Science Graduate including B.E. (Computer Engineering) & B.E. (Information Technology). Issue Date-7-6-2010. Last Date-22-6-2010 Prospectus/ Form Fee- Rs. 100

7 **(1) M.Sc. (Tech) in Instrumentation**
**(2) P.G. Diploma in Instrumentation**
**Eligibility**- Science Graduate with (Physics / Electronics / Chemistry / Instrumentation) with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category.Issue Date-1-6-2010. Last Date-30-6-2010 Prospectus/ Form Fee- Rs. 300

8 **M.A. - Mass Communication**
**Eligibility**- Any Graduate with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category. Issue Date-1-6-2010
Last Date-30-6-2010
Prospectus/ Form Fee- Rs. 250

9 **Bachelor of Library and Information Science**
**Eligibility**- Any Graduate with English as compulsory subject. Issue Date-1-6-2010
Last Date-30-6-2010
Prospectus/ Form Fee- Rs. 100

10 **Master of Social Work**
**Eligibility**- Any Graduate with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category. Issue Date-1-6-2010 Last Date-30-6-2010 Prospectus/ Form Fee- Rs. 250

11 **Advanced P.G. Diploma in Medicinal Plant**
**Eligibility**- Post Graduate in Botany, Zoology, Chemistry, Pharmacy, Medicine, Ayurveda, Homeopathy, Horticulture with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category. Issue Date-1-7-2010 Last Date-31-7-2010
Prospectus/ Form Fee- Rs. 100

12 **P.G. Diploma in Tools & Techniques of Genetics Engineering. Eligibility**- B.Sc. in Biological Sciences, Chemistry with minimum 50 % marks for Open / SEBC & 45 % for SC / ST category. Issue Date- 26-6-2010 Last Date-13-7-2010
Prospectus/ Form Fee- Rs. 200/-

13 **M.Sc. - Applied Statistics**
**Eligibility**- Second Class Any Graduate & English as compulsory subject & Statistics atleast as a subsidiary subject. Issue Date-1-6-2010
Last Date-12-6-2010
Prospectus/ Form Fee- Rs. 150

14 **Master of Public Administration (Part Time)**
**Eligibility**- Any Graduate with 2 yrs. experience in Govt. or Public Organization. Issue Date-1-6-2010. Last Date-8-7-2010
Prospectus/ Form Fee- Rs. 100
(A) The Prospectus (alongwith Application Form) containing detail procedure for admission, is available against payment from respective Department offering the Courses. (B)Limited Hostel facilities are available on the University Campus. A separate application is required to be submitted after getting admission in the respective Programme. (C)Ragging is totally banned in the University, and anyone found guilty of ragging and/or abetting ragging is liable to be punished appropriately.

## Orientation - Refresher Course

**Academic Staff College, Vallabh Vidyanagar**

ORIENTATION PROGRAMMME (4 weeks) (4th..Date:2-8-10 to 29-8-10), (5th.. Date 6-12-10 to 9-1-11).REFRESHER COURSES (3 WEEKS) (1) Education and Physical Education: 28-6-10 to 18-7-10. (2) Chemistry: 2-8-10 to 22-8-10 (3) Library Sciences: 6-9-10 to 26-9-10 (4) Comparative Literature (ID): 6-9-10 to 26-9-10 (5) Research Methodology in Humanities (ID): 4-10-10 to 24-10-10 (6) ICT application (MD):15-11-10 to 5-12-10 (7) Computer Science : 15-11-10 to 5-12-10 (8) Business Studies (MD): 6-12-10 to 26-12-10 (9) Nano Sciences (MD): 6-12-10 to 26-12-10 (10) Research Methodology in Basic and Natural Sciences (MD) : 3-1-11 to 23-1-11 (11) Women Studies (MD): 7-2-11 to 27-2-11. (12) Mathematics and Statistics: 7-2-11 to 27-2-11 (13) Performing and Visual Arts (MD): 28-2-11. SHORT TERM COURSES (3 Days) (1) A Course on Minor Research Project: 24-6-10 to 26-6-10 (2) A Course for University Employees: 21-7-10 to 23-7-10 (3) Interactive Workshop for Ph.D.students: 30-8-10 to 1-9-10 (4) A Course in Manuscriptology : 1-11-10 to 3-11-10
MORE INFORMATION: www.spuvvn.edu/asc

## પ્રવેશ M.Sc. (IT)

યુનિવર્સિટીના જે.પી. દાવર ઈન્સ્ટિટયૂટ ઓફ ઈનફરમેશન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રોગ્રામનાં આવેદનપત્ર ૧૫-૬-૨૦૧૦ થી ૧૦-૭-૨૦૧૦ (૧૦.૦૦ થી ૩.૦૦ સુધી) રૂપિયા ૨૦૦ રોકડા આપવાથી મળી શકશે. આવેદનપત્ર તા. ૧૦-૦૭-૨૦૧૦ સુધીમાં બપોરના ૩.૦૦ વાગ્યા સુધી એમ.એસસી. (આઈ.ટી.) ભવનમાં સ્વીકારવામાં આવશે. વેબસાઈટ www.vnsguit.org અથવા www.vnsgu.ac.in પર સંપર્ક કરવો.

## રજીસ્ટ્રેશન



શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦-૧૧ ના પ્રથમ વર્ષ (સત્ર / સેમેસ્ટર) ના અનુસ્નાતક અભ્યાસક્રમો) ડિગ્રી/ડિપ્લોમાં) અને B.Ed. / B.P.Ed. / B.Lib. / LL.B. અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ તમામ રેગ્યુલર વિદ્યાર્થીઓ તથા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૦-૧૧ દરમિયાન દ્વિતિય / તૃતિય વર્ષના અનુસ્નાતક અભ્યાસક્રમો અને LL.B અભ્યાસક્રમમાં કન્ટીન્યુ કરતા તમામ વિદ્યાર્થીઓનું કોમ્પ્યુટરાઈઝડ રજીસ્ટ્રેશન કરાવવા સંબંધિત સભા કુલપતિશ્રીના અધ્યક્ષપદે મંગળવાર, તા. ૨૫-૫-૨૦૧૦ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સના સેમીનાર હોલમાં મળી હતી.
જેમાં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુદાન પાત્ર અનુસ્નાતક કેન્દ્રોનાં પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમના નિયામકશ્રીઓ, B.Ed. / B.P.Ed. / B.Lib. / LL.B. અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના આચાર્યશ્રી / નિયામકશ્રીઓ તથા કોલેજના વહીવટી કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ફંડ

યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીના ડીન અને બાયોસાયન્સ વિભાગના વડા ડૉ. મીનુ પરબીઆ આગામી માર્ચથી વયમર્યાદાને કારણે નિવૃત થનાર છે. ડૉ. મીનુ પરબીઆના માનમાં વિભાગ દ્વારા રૂપિયા ૨૫ લાખનું ફંડ એકત્રિત કરવાનું કાર્ય શરૂ થયેલ છે. આ ફંડનો ઉપયોગ યોગ્ય વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવા, સેમિનાર, કાર્યશાળા તથા ઔષધિય ઉદ્યાનની જાળવણી માટે કરવામાં આવશે.

ડૉ. પરબિઆએ યુનિવર્સિટી ખાતે ૧૯૯૪માં હર્બલ દવાઓ અંગે સંશોધન કરવા બાપાલાલ વૈદ્ય બોટનિકલ રિસર્ચ સેન્ટરની સ્થાપના કરી હતી.

## પ્રદર્શન

યુનિવર્સિટીના ફાઈન આર્ટસ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી થીમવાળા ચિત્રોનું પ્રદર્શન નાનપુરા રોટરી આર્ટ ગેલરી ખાતે કુલપતિશ્રી પ્રોફે. બી. એ. પ્રજાપતિના વરદ્ હસ્તે તા. ૨૪-૦૫-૨૦૧૦ ના રોજ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ ચિત્રોનું પ્રદર્શન ૨૮ મે સુધી પ્રદર્શિત રહયું હતું.

## અભ્યાસક્રમ

યુનિવર્સિટીના બાયોસાયન્સ ડિપાર્ટમેન્ટ ખાતે નવીન શૈક્ષણિક સત્રથી એમ.એસસી. માઈક્રોબાયોલોજી અને પી.જી. ડિપ્લોમાં ઈન ટુલ્સ એન્ડ ટેકનિકસ ઈન જીનેટીક એન્જિનિઅરિંગના કોર્ષ શરૂ કરવામાં આવશે. આ બંને અભ્યાસક્રમમાં વીસ વીસ બેઠકોનો સમાવેશ કરવામાં આવશે. આ અભ્યાસક્રમની મર્યાદા એક વર્ષની રહેશે. તેમજ બાયોલોજીલ સાયન્સીઝ અને કેમીસ્ટ્રીના સ્નાતકો પ્રવેશ મેળવી શકશે.

## ગ્રંથાલય

તા. ૦૧-૦૬-૨૦૧૦ થી તા. ૩૧-૦૭-૨૦૧૦ દરમ્યાન યુનિવર્સિટી ગ્રંથાલયનો સમય સવારે ૧૦-૩૦ થી સાંજના ૦૬-૧૦ સુધીનો રહેશે. બીજો અને ચોથો શનિવાર તથા રવિવાર અને જાહેર રજાના દિવસે ગ્રંથાલય સેવાઓ અનુપલબ્ધ રહેશે.

## G-SLET

G-SLET પરીક્ષાની માહિતી પુસ્તિકા અને આવેદનપત્ર અમદાવાદ, બારડોલી, ભાવનગર, ભૂજ, જામનગર, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરા અને વલ્લભવિદ્યાનગરની કોર્પોરેશન બેંકની શાખાઓમાંથી રોકડેથી મેળવી શકાશે. પોસ્ટથી મંગાવવા ઈચ્છુક ઉમેદવારો કોર્પોરેશન બેંક, પ્રતીક ચેમ્બર્સ, ડાંડીયા બજાર, વડોદરાથી મેળવી શકશે. પરીક્ષાની તારીખ : ૨૪ ઓકટોબર ૨૦૧૦. આવેદનપત્ર વેચાણ શરૂ કરવાની તા. ૨૧ જૂન ૨૦૧૦. આવેદનપત્ર વેચવાની છેલ્લી તા. ૨૦ ઓગષ્ટ ૨૦૧૦. આવેદનપત્ર સ્વીકારવાની છેલ્લી તા. ૨૧ ઓગષ્ટ ૨૦૧૦. આવેદન પત્ર ૨૧ જૂન ૨૦૧૦થી પ્રાપ્ત થશે.


## Refresher Course

National Centre For Co Operative Educatoion, New Delhi દ્વારા લેકચરર્સ / રિડર્સ માટે Cooperation માં ૦૫-૦૮ જુલાઈ ૨૦૧૦ દરમ્યાન Refresher Course નું આયોજન કરવામાં આવેલ છે. વધુ વિગત માટે www.ncuidel@ndb.vsnl.net.in

## સંશોધન

વિવિધ ઔષધીય વનસ્પતિ શોધવા, એને ઓળખવા ઉપરાંત કયા રોગમાં કઈ રીતે કામ લાગી શકે એનો સૌપ્રથમ પ્રોજેકટ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગે આદર્યો. ડૉ. પરબીયા તથા ડૉ. રેડ્ડીની આગેવાનીમાં સંશોધકોએ દક્ષિણ ગુજરાતના ગામડાઓ ખૂંદીને ૭૫૦ જેટલી વનૌષધિઓની ઓળખ, ઉપયોગ, રોગની યાદી સહીતનો સંશોધન રીપોર્ટ રાજય સરકાર મોકલ્યો. મોદી સરકારે પ્રભાવિત થઈ ગીર ફાઉન્ડેસનને નોડલ એજન્સી બનાવી રાજયની તમામ યુનિ. ને વધુ વનૌષધિઓનું સંશોધન સોંપ્યું, જેમાં રાજયમાં મળી આવતી ૧૨૭૫ ઔષધીય વનસ્પતિઓ શોધી આપવા ઉપરાંત આદિવાસીઓ દ્વારા આ તમામનાં ઉપયોગો શોધવાનું પ્રથમકાર્ય ગુજરાતે કર્યુ.

## પ્રકાશન



National Symposium on Medicinal Plants : A Promising Resource of the Country. (9-10 June, 2010) Abstracts. Department of Bio Sciences. V.N.S.G.U., Surat. 2010

## સમર ફિટનેશ કેમ્પ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વિવિધ રમતોના આંતર યુનિવર્સિટી ખેલાડીઓ સહિત રમતવીરો માટે યોજાયેલા ૨૧ દિવસના સમર ફિટનેસ કેમ્પની તા. ૯-૧૦-૨૦૧૦ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સેનેટ હોલમાં યોજાયેલા કાર્યક્રમ દ્વારા પૂર્ણાહુતિ થઈ ત્યારે પ્રમુખપદે શ્રી જે.આર. મહેતા (કુલસચિવશ્રી) સાથે આ. ડૉ. વિનોદભાઈ પટેલ (ચેરમેન, બોર્ડ ઓફ સ્પોર્ટસ અને સિન્ડિકેટ સભ્ય) તથા અતિથિ વિશેષપદે પ્રા. કિરીટસિંહ વાસદીયા (સિન્ડીકેટ સભ્ય અને બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્ય) શ્રી પોલ ડેવિડ (નિયામક, યુ.ક અને શા.શિ), વિવિધ કોચીસ અને તાલીમાર્થી ભાઈઓ-બહેનોની હાજરી વચ્ચે પૂર્ણાહુતિ સમારંભ યોજાયો હતો. ડૉ. વિનોદભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યું. શ્રી પોલ ડેવિડે મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. સમગ્ર કેમ્પનો અહેવાલ શ્રી પોલ ડેવિડે આપ્યો હતો. પ્રા. કિરીટસિંહ વાસદીયાએ ખેલાડીઓને નિયમિત રીતે મહેનત કરી સ્પોર્ટસમાં પોતાનું નામ કિર્તિમાન કરવા જણાવ્યું હતું. આ ડૉ. વિનોદભાઈ પટેલ સિધ્ધહર્ષ ખેલાડીઓના પ્રોત્સાહન માટે તાલીઓ પાડી અભિવાદન કરવા જણાવ્યું હતું. તાલી પાડવાથી શરીરના અવયવોને જબરી ઉર્જા મળે છે એવો સંદેશ આપ્યો હતો. પ્રા. જે.આર. મહેતાએ જણાવ્યું હતું કે રમતગમતથી વ્યકિતત્વનો વિકાસ થાય છે, અને વ્યકિતત્વમા હકારાત્મક તથા સર્જનાત્મક વ્યકિતત્વના ગુણો ખીલે છે. રમતગમતમાં શિસ્ત, તાલીમ અત્યંત જરૂરી છે. રમતગમતમાં ગુસ્સે ભરાવવું ન જોઈએ કારણ કે તેથી એકાગ્રતા ભંગ થાય છે. તાલીમાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. આભાર વિધિ અને સમારંભનું સંચાલન પ્રો. સુલ્લુભાઈ ભરૂચાએ કર્યું હતું. કેમ્પસમાં સર્વશ્રી મોહનભાઈ મોરીયા, નિરંજન ચોરસીયા, ઈ.ચા. પ્રિ. દિનેશ સારંગ, ઈ.ચા. પ્રિ. તેજશ શર્મા, રાજુ ભાલાવાલા, મદનસિંહ ઠાકોર અને કેતન પટેલે સેવા આપી હતી. શ્રી પોલ ડેવિડે પુજા ચૌરૂષિએ મેળવેલ (એમ.એસસી.આઈ.ટી. ડિપાર્ટમેન્ટ) ટ્રાયથ્લોન એશિયન બ્રોન્ઝ મેડલની સિધ્ધીને બિરદાવી તાલીમાર્થીઓને એના પગલે જવા અનુરોધ કર્યો હતો.

## દેશનાં વનસ્પતિવિદો સુરતનાં આંગણે





સુરતની ઓળખાણ સૂર્યપુત્રી તાપી, ડાયમંડ નગર, ટેક્ષટાઈલનગર, ઉદ્યોગકેન્દ્ર, ગુજરાતનું આર્થિક પાટનગર, દેશનું સ્વચ્છ નગર રીતે અપાય છે હવે, ધીરે-ધીરે ગુજરાતની ઓળખાણ દેશનાં શૈક્ષણિક ધરી-એજ્યૂકેશન હબ તરીકે પણ ઉભરી રહી છે. આ વિસ્તારને મળેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શૈક્ષણિક રીતે કાઠું કાઢવા માંડયું છે. થોડાં-થોડાં સમયે વિવિધ સભાઓ યોજાતી રહે છે. તા. ૯મી જુને આવા જ એક શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન તેરાપંથ ભવન ખાતે યુનિવર્સિટી બાયોસાયન્સીસ વિભાગ દ્વારા યોજાઈ ગયું. નેશનલ સિમ્પોઝીયમ ઈન મેડીસીનલ પ્લાન્ટ્સ : કેન્દ્રીય પ્રોમીસીંગ રીસોર્સમાં ભાગ લેવા સમગ્ર દેશમાંથી આશરે ૨૦૦ ઉપરાંત વિજ્ઞાનીઓ ઊમટી પડયાં હતાં. આ પ્રસંગ સાથે નિવૃત્ત થનારાં જાણીતા વનસ્પતિવિદ ડૉ. મીનુ પરબીઆનું નાગરિક સન્માન અને વિદાય અભિવાદન સમારંભનું સુભગ સંયોજન કરાયું હતું. વિભાગના મિત્રોએ ડૉ. મીનુ પરબીઆ એન્ડોવમેન્ટ ફંડની પણ વિધિવત જાહેરાત કરી હતી. વિવિધ સંસ્થાઓ જેવી કે હરિ ઓમ આશ્રમ, તરફથી શ્રી ધીમંત ધીવાળા, અમેરિકન સ્પ્રીંગ્સ એન્ડ પ્રેસીંગ વર્કસ્નાં શ્રી શરદ પટેલ, વાપીનાં જાણીતા ઉદ્યોગપતિ અને જાણીતા ગાંધીવાદી સમાજસેવક શ્રી ગફૂરભાઈ બિલાખીયા, સમાજસેવક શ્રી બાલુભાઈ પટેલ, ડૉ. આનંદ વૈદ્ય, શ્રી વિનોદભાઈ બાકિયા, શ્રી અપૂર્વ જૈન વિ. એ ઉપસ્થિત રહી દાનની જાહેરાત કરી હતી અને જોત-જોતામાં તો રૂા. સોળ લાખનું માતબર ભંડોળ ઊભુ થઈ ગયું હતું. મિત્રો આ ભંડોળને રૂા. ૨૫ લાખ પર પહોંચાડવા માગે છે. જેનાં વ્યાજમાંથી ગરીબ વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ મળશે.



સવારનો ઉદ્દઘાટન સમારંભ કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને અને મુંબઈના જાણીતા વિજ્ઞાની ડૉ. અશોક વૈદ્યનાં પ્રમુખસ્થાને યોજાયો હતો. જયારે સાંજનો વિદાય સમારંભ પૂર્વ કુલપતિશ્રી પ્રેમકુમાર શારદાના પ્રમુખપદે અને શ્રી ગફુરભાઈ બિલાખીયાનાં અતિથિ વિશેષ પદે યોજાયો હતો.




નાગાલેન્ડ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કાનન અને વિજ્ઞાનીઓ જેવાં કે ડૉ. સાને, ડૉ. માલતી ચૌહાણ, ડૉ. આમોનકર, ડૉ. નીરજ ટંડન (ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચ, ન્યૂ દિલ્હીનાં ડેપ્યૂટી ડાયરેકટર), ડૉ. વિનયા ઘાટે (અગરકર રીસર્ચ સેન્ટર, પૂણે), ડૉ. રાનડે (નેશનલ બોટાનિકલ રીસર્ચ ઈન્સ્ટીટયૂટ, લખનૌ) જેવાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વ્યકિતઓની હાજરી ધ્યાન ખેંચતી હતી. આ સૌમાં ઊંડી ને આંખે વળગનારી હાજરી ડૉ. અશોક વૈદ્ય, રીસર્ચ ડાયરેકટર, આઈ.સી.એમ.આર એડવાન્સડ રીસર્ચની રીવર્ઝ ફોર્મકોલોજી મુંબઈની હતી. તો સાંજના સન્માન સમારોહમાં આ વિજ્ઞાનીઓ ઉપરાંત જાણીતા શહેરીઓ શ્રી ધીમંત ધીવાલા, ડૉ. રાજેન્દ્ર દેસાઈ, ડૉ. પ્રદિપ દેસાઈ, ડૉ. હરિશ દોષી, ડૉ. ચારણ, ડૉ. કે.કે. દેસાઈ, ડૉ. મોદી, શ્રી દરાયસ માસીર, ડૉ. હોમી દુધવાલા, શ્રી યઝદી કરંજીઆ, શ્રી ડૉ. એ.પી. સિંગ, શ્રી જમશેદ દોટીવાલા, પારસી સમાજનાં સજ્જનો, ઉદ્યોગપતિઓ, શ્રી ભીખુભાઈ નાયક, ડૉ. નયના પટેલ, વિગેરેની હાજરી ધ્યાન આકર્ષક હતી.




આખા દિવસ દરમ્યાન ઔષધિય વનસ્પતિ વિશે વિવિધ પ્રવચનો અને સંશોધનપત્રો રજૂ થયા હતા અને ખાસ્સુ વિચાર વલણ થયું હતું. ડૉ. મીનુ પરબીયાના સન્માન સમારોહ દરમ્યાન લાગણીઓનું જાણે ઘોડાપૂર ઉમટયું હતું. એમની વિદ્યાર્થીનિઓ ડૉ. સ્મિતા, ડૉ. ફાલ્ગુની, ડૉ. નિરજ ટંડન, એમની ભાણેજ જેનીફર, પુત્રવધૂ રોહાના વગેરેએ એમની લાગણી વ્યકત કરી હતી. ડૉ. મીનુ પરબીયાનું એક શિક્ષક, સંશોધક, સમાજ સેવક, માનવ તરીકેનાં મૂલ્યાંકન રજૂ થયાં હતાં. ડૉ. પરબીયાની વિરાટ પ્રતિભાના દર્શને સૌને સ્તબ્ધ કર્યા હતા. શ્રેષ્ઠી શ્રી ગફુરભાઈને ડૉ. પરબીયા વડે સ્થાપિત સંસ્થા શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રીસર્ચ સેન્ટરને રૂા. ૧ લાખ અને ડૉ. પરબીયાને અંગત રીતે એમની ગમતી પ્રવૃત્તિને વેગ આપવા રૂા. ૧૦ લાખની માતબર રકમ આપવાનું જાહેર કર્યું હતું. સર્વએ એમની જાહેરાતને વધાવી લીધી હતી.



ડૉ. પરબીયાએ એમની જૂની યાદો તાજી કરી એમની પ્રગતિનું સર્વ શ્રેય એમના માતાજી સ્વર્ગસ્થ હીલ્લામાંય, એમના ભાઈઓ, એમના પત્ની ડૉ. દિનાઝ બેન અને એમના શિક્ષકો શ્રી વિલાસ દેસાઈ, પ્રો. સુબોધ વકીલ, પ્રો. દાણી, પ્રો. જી.એલ. શાહ અને શ્રી બાપાલાલ વૈદ્યને આપ્યું હતું. એમના ગુરૂવર્ય ડૉ. બાપાલાલ વૈદ્યની સ્મૃતિમાં શરૂ કરેલી એમની સંસ્થા શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રિસર્ચ સેન્ટરની સ્થાપનાના સમયને યાદ કર્યો હતો.

સ્વર્ગસ્થ લલ્લુભાઈ પટેલ તરફથી મળેલા માતબર દાન રૂ. ૧૫ લાખને યાદ કરી તેમને અર્ધ્ય આપ્યો હતો.



ડૉ. પરબીયાએ તેમના આદિવાસી મિત્રોને ખાસ યાદ કર્યા હતા. ડાંગ્સ, આહવાના આદિવાસી વૈદ્ય શ્રી જાનુદાદાને ખાસ સુરત લાવી આ મહાસભામાં એમનું અભિવાદન કર્યું હતું અને ડૉ. પરબીયાએ જાહેર કર્યું હતું કે એમણે જાનુદાદા પાસેથી શિષ્યભાવે જ્ઞાન મેળવ્યું છે. આ ભાવસભર દ્રશ્ય જોઈ ગફુરભાઈ બોલી પડયા હતા કે "આ તો ખરું ગાંધીવાદી કાર્ય કર્યું, સમાનતા આથી જ આવે."



સમગ્ર બે દિવસીય કાર્યક્રમ માટે જૈન તેરાપંથી સમાજ તરફથી એમનો ભવ્ય હોલ વિનામૂલ્યે યુનિવર્સિટીને વાપરવા દેવા માટે પંથના સર્વ ટ્રસ્ટીશ્રીઓ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરાઈ હતી તથા પૂજ્ય ગુરૂજી મહાપ્રજ્ઞજીને ભાવપૂર્વક યાદ કરાયા હતા.



પ્રો. પ્રજાપતિએ એમના વકતવ્યમાં કહ્યું હતું કે "મીનુભાઈ અમે તમને જવા દેવાના નથી. આપણે શ્રી બાપાલાલભાઈ સેન્ટરને વર્લ્ડકલાસ રિસર્ચ સેન્ટર તરીકે વિકસાવવું છે." ડૉ. અશોક વૈદ્યએ ડૉ. બાપાલાલભાઈ, શ્રી ચુનીલાલ ભટ્ટ, શ્રી જયકિષ્ન ઈન્દ્રજી જેવા પાયાના ધૂરંધર વ્યકિતત્વોને યાદ કરી તેમને તથા ડૉ. પરબીયાના કાર્યને બરદાવી એમને પોતાની સંસ્થાના માનદ એડજુઅન્ટ પ્રોફેસર તરીકે જોડાવા આમંત્રણ આપ્યું હતું.





# કોલેજ ન્યૂઝ

## શોધ પત્ર

એમ..એસ.પાઠક હોમિયોપેથીક મેડિકલ કોલેજ વડોદરાના પ્રોફેસર તથા પાયોનિયર મેડિકલ કેમ્પસના ડાયરેકટર અને હોમિયોપેથીક વિષયના સંશોધક ડૉ. આર.એ.પટેલનો સંશોધન લેખ "હોમિયોપેથીક વિજ્ઞાનના ઉદ્ભવમાં આયુર્વેદ વિજ્ઞાનનો ફાળો" Liga Medicamentorum Homoeopathica Internationalist 2010 દ્વારા લોસ એન્જેલસ માં આયોજીત આંતરરાષ્ટ્રીય સેમીનારમાં પસંદગી પામેલ છે.

## પરિણામ

માર્ચ - એપ્રિલ ૨૦૧૦માં લેવાયેલ યુનિવર્સિટી પરીક્ષામાં એફ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસીના પરિણામોમાં નવયુગ સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં કોલેજને સિદ્ધિ અપાવી છે. ટી.વાય.બી.એસસી. (કેમિસ્ટ્રી)માં પટેલ વત્સલ 82.5% સાથે સમગ્ર યુનિવર્સિટીમાં ત્રીજા ક્રમે મીચલા સલમાં 82.1% અને મેંદપરા પ્રવિણે 81.7% મેળવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ઉપરાંત કુલ ૧૭૫ વિદ્યાર્થીઓમાંથી 29 ડિસ્ટીંકશન, 42 ફર્સ્ટકલાસ, 59 વિદ્યાર્થીઓએ સેકન્ડકલાસ મેળવી કોલેજને સિદ્ધિ અપાવી છે. F.Y.B.Sc. માં પણ યુનિવર્સિટીના સરેરાશ પરિણામ 46% ની સામે કોલેજનાં 65% અને 74% ની સામે 95% વિદ્યાર્થીઓ પાસ થયા છે. જે સુરત અને આસપાસની કોલેજમાં સૌથી ઊંચુ પરિણામ છે.

## પીએચ.ડી.

Mehulkumar Prakashchandra Desai, Lecturer in Accountancy and Vice Principal of Udhna Citizen Co-op Bank Commerce College, Surat has successfully completed his research work in "A Study of Financial Management in Co-operative Sugar Mills of Gujarat State" and has attained the degree of Ph.D. in commerce from Veer Narmad South Gujarat University, Surat. He has completed his research work under the able guidance of Dr. U. T. Desai, Principal, Sir. K. P. College of Commerce, Surat. Congratulations.

## ફેલોશિપ

નવયુગ સાયન્સ કોલેજ, સુરતના પ્રા. શ્રી પૃથુલ આર. દેસાઈને ઈન્ડીયન એકેડેમી ઓફ સાયન્સ તરફથી સમર રીસર્ચ ફેલોશીપ ૨૦૧૦ માટે પસંદગી થયેલ છે. આ ફેલોશીપ માટે સમયગાળો બે મહિનાનો છે. આ યોજના હેઠળ શ્રી પૃથુલ દેસાઈ, ટાટા ઈન્સ્ટીટયૂટ ઓફ ફંડામેન્ટલ રીસર્ચ, થીયોરીટીકલ ભૌતિક વિજ્ઞાન ગૃપનાં પ્રા. દીપક ઘર સાથે કાર્ય કરશે. આ ફેલોશિપ માટે સમગ્ર ભારતમાંથી કુલ ૪૨ અધ્યાપકોની પસંદગી થયેલ છે. અભિનંદન

## એમ.ફિલ

ઈશા ભુપેન્દ્રભાઈ દેસાઈએ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિષયના રીડર ડૉ. સુબોધ એસ. ગોદરેના માર્ગદર્શન હેઠળ "A Study of Construction of Ground State Nuclei with Various NN - Potentials in STATIC and DYNAMIC methods" વિષય પર તૈયાર કરેલ સંશોધનને રજૂ કરતાં યુનિવર્સિટીએ તેને માન્ય રાખી એમ.ફીલ.ની પદવી એનાયત કરી છે. અભિનંદન.

## વાચન વિશેષ

### विरोधाभासी कमांडमेंट्स

१. लोग अतार्किक हैं और आत्म-केंद्रित भी । फिर भी उनसे प्रेम करें ।

२. अगर आप भलाई करते हैं, तब भी लोग आप पर स्वार्थपूर्ण लक्ष्यों का आरोप लगाएँगे । फिर भी भलाई करें ।

३. अगर आप सफल बनते हैं, तो आपके झूठे मित्र और सच्चे दुश्मन बन जाएँगे । फिर भी सफल बनें ।

४. आप आज जो भला काम करतें है, वह कल भुला दिया जाएगा । फिर भी भला काम करें ।

५. ईमानदारी और स्पष्टवादिता से आपकी आलोचना हो सकती है । फिर भी ईमानदार और स्पष्टवादी रहें ।

६. सबसे बडे विचार वाले सबसे बडे स्त्री-पुरुषों को सबसे छोटे दिमाग वाले सबसे छोटे स्त्री-पुरुष गोली मार सकते हैं । फिर भी बडा सोचें ।

७. लोग पराजितों का पक्ष लेते हैं, लेकिन विजेताओं का अनुसरण करते हैं । फिर भी पराजितों के लिए संघर्ष करें ।

८. जिसे बनाने में आपने बरसों लगा दिए हैं, वह एक रात में नष्ट हो सकता है । फिर भी बनाएँ ।

९. लोगों को सचमुच मदद की जरुरत है, लेकिन अगर आप उनकी मदद करते हैं, तो वे आप पर हमला कर सकते हैं । फिर भी लोगों की मदद करें ।

१०. विश्व को अपना सर्वश्रेष्ठ देने के बदले आपको मुँह पर लात खानी पड सकती है । फिर भी विश्व को अपना सर्वश्रेष्ठ दें ।

केंट एम. कीथ (साभार : ८ वी आदत । स्टीफन आर. कवी)

### Management Por-Poussi
### Great thoughts By Great People

**Napoleon :** "The world suffers a lot... Not because of the violence of bad people, but because of the silence of good people"

**Michael Paul :** I wrote on the door of heart, "Please do not enter it". Love came smilling and said : Sorry I am an illiterate".

**Einstein :** "I am thankful to all those who said No to me. Its Because of them I did it myself..."

**Abraham Lincoin :** "If friendship is your weakest point then you are the strongest person in the world"

**Shakespeare :** "Laughing faces do not mean that there is a absence of sorrow! But it means that they have the ability to deal with it."

**Shakespeare :** "In the time of crisis I was not hurt by the harsh words of my enemies, but by the silence of my FRIENDS"

**William Arthur :** "Opportunities are like sunrises, if you wait too long you miss them"

**Shakespeare :** "Never play with the feelings of others because you may win the game but the risk is that you will surely loose the person for life time"

**Hitler :** "When you are in the light, everything follows you. But when you enter into the dark, even your own shadow doesn't follow you."

**Shakespeare :** "Coin always makes sound but the currency notes are always silent. So when your value increases keep yourself calm & silent"

**John Keats :** "It is very easy to defeat someone, but it is very hard to win someone.

**(Source : AMA News. Vol. 38, No.3, March 2010)**

ટીકા કરનારે બરાબર ન્યાય કરવો જોઈએ, ને એ શકિત મેળવવાને સારુ તેણે જાતે ન્યાય કરવાની બાબત ઉપર ચોખ્ખું જ્ઞાન મેળવવું જોઈએ.

નર્મદ

પોતાના કાળમાં, પોતાના સ્થળમાં, પોતે જે વાસ્તવિક છે, અને શુભ-અશુભ જે સ્તરે પહોંચેલ છે, દરેક મનુષ્ય પૂર્ણ વ્યકત પરમાત્માનો એક વિશિષ્ટ અંશ છે. એટલે તકલીફો, પીડાઓ અને સમસ્યાઓથી શા માટે ગભરાવું જોઈએ ? જયારે મુશ્કેલીઓ આવે, ત્યારે આ પીડાઓનો સંદર્ભ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. પ્રતિકૂળતા હંમેશા આત્મચિંતન માટે વિશાળ તકો પૂરી પાડે છે.

ડો.એ.પી.જે.કલામ

VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Incharge University Librarian
Published by : Shri J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com